પહેલી તસવીર સાક્ષી પૂરે છે ઋતુરાજ વસંતની પધરામણીની. જંગલમાં પલાશ - કેસૂડો એવો ખીલ્યો છે કે, જાણે વનદેવના દિલમાં કામદેવે સોંસરા બાણ માર્યાં હોય અને આખુ જંગલ રાતુ - રાતુ કેસરી - કેસરી બની જાય. મધુરકણી પોપટ પણ જુઓ..., એની મેનાને રીઝવવા કેસૂડો લેવા આવી પહોંચ્યો છે. અનાદિકાળથી પ્રકૃતિના આ રંગો, આ વાતાવરણ અને માહોલ જાણે એવો જ રહ્યો છે. તેમ છતાં પલાશની આ રાતાશ આજે પણ એક જ નજરમાં તમને તાજગીથી તરબતર કરી દે છે. તો આ તસવીરને અડીને ઊભેલી બીજી તસવીર શહેરમાં થતાં વસંતના વધામણાની છે. અહીં પેઢીઓ બદલાઇ છે, સંસ્કૃતિઓ બદલાઇ છે, એની સાથે ઉજવણીનો રંગ પણ બદલાયો છે. દર વર્ષે ઉજવણીમાં કંઇક નવો ' વધાર ' જોવા મળે છે. જો કે ભડકીલા રંગો થકી એકબીજાને રંગતી આ પેઢીની ઉજવણી તાજગીથી તરબતર કરે છે કે પછી અનાદિકાળથી રાતાશ સાચવીને બેઠેલાં પલાશનાં આ ફૂલોનું ગુચ્છ. પસંદગી તમારી છે.

(તસવીર : વલ્લભ શાહ- જીગ્નેશ જોષી)



